

# પ્રાંતિજના વદરાડમાં વાનરોનો આતંક

## આઠને બચકા ભરતા અલગ-અલગ દવાખાનામાં સારવાર લેવી પડી : વન વિભાગની ટીમ સત્વરે પગલા ભરે તેવી ગ્રામજનોની માંગ



પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે છેલ્લા સાત દિવસથી વાનરો દ્વારા આઠથી દસ જણાંને બચકાં ભરતાં હાલ તો સારવાર લેવાનો વાળો આવ્યો છે અને એ વાંદરો આવ્યો ના નામથી ગામ લોકો કંપી ઉઠયા છે.

પ્રાંતિજથી પાંચ કિલોમીટર દુર આવેલ પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે છેલ્લાં સાત એક દિવસથી બે કપીરાજનો આતંક વધતાં ગામમાં રહેતાં લોકોને ઘરની બહાર નિકળવું મુશ્કેલ બન્યું છે. અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનોને પ્રાથમિક સુવિધાઓથી લઈને નાનું- મોટું કામ ઘરની બહાર આવેલ આંગણામાં મોટો ભાગની પ્રવૃત્તિઓ થતી હોવાથી લોકો જેવા ઘરની બહાર નિકળે છે ત્યારે બે કપીરાજો દ્વારા કાંઈથીએ અચાનક આવીને હુમલો કરવામાં આવે છે અને તે સમયે નાસભાગ મચી જાય છે. ત્યારે વદરાડમાં આઠથી દસ જેટલાં લોકોને બે વાનરોના આતંકનો ભોગ બન્યા છે અને ભોગ બનનાર ઈજા ગ્રસ્તોને વદરાડ સહિત પ્રાંતિજ-હિંમતનગર સુધી સારવાર માટે લાંબા થવાનો વારો આવ્યો છે. ત્યારે વનવિભાગને જાણ કરતા વનકર્મી દેસાઈ ભાઇ સ્થળ પર જઈ ગ્રામજનો સાથે વાહિયાત વાતો કરી પરત ફર્યા હતાં અને વાનરો પકડવા માટે કોઈજ ટેકનિકલ રીતે પણ પકડવા માટે વ્યવસ્થા કરવામાં ના આવતાં ગ્રામજનોમાં ભયનો માહોલ જોવાં મલ્યો છે. અને હાલ ઘરની બહાર પણ નિકળવાનું મુશ્કેલ બન્યું છે. ત્યારે હાલ તો ભોગ બનનાર ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

ઈજાગ્રસ્તોના નામ

દીવાબેન પટેલ ઉ.વર્ષ- ૭૫, ચેતનાબેન પટેલ ઉ.વર્ષ- ૪૫, ટીનાબેન વિપુલભાઈ વણકર, જયેશભાઈ ડાહ્યાભાઈ વણકર, જયદીપ ઈશ્વરભાઈ ઉ.વર્ષ -૧૪

## બીજી એપ્રિલે ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ એન્ટી ટૅરૈરીઝમ મૂવમેન્ટની ટીમ ગુજરાતની બેઠક યોજાશે

મોડાસા, તા.૨૯

ઈન્ટરનેશનલ એન્ટી ટેરૈરીઝમ મૂવમેન્ટની ટીમ ગુજરાતની એક બેઠક આગામી ૨જી એપ્રીલ રવિવારે સવારે ૧૧ કલાકે ગાંધીનગર, સરકીટ હાઉસ ખાતે આઇ.એ.ટી.એમ, ગુજરાત પ્રદેશના સંયોજક જગદીશભાઈ ગાંધીના અધ્યક્ષ સ્થાને મળશે. જેમાં નેશનલ જનરલ મહાસચીવ અમન રાજપૂત ખાન દિલ્હીથી ખાસ ઉપસ્થિત રહેશે જ્યારે ત મહામંત્રી દિનેશ કે. પટેલ અતિથી વિશેષપદે રહેશે. આ બેઠકમાં પ્રદેશના અલગ અલગ જિલ્લામાંથી અપેક્ષીત પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

## ભિલોડામાં ચેટીચાંદના તહેવારની ઉજવણી

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રી ઝુલેલાલ મંદીરમાં ચેટીચાંદના ધાર્મિક તહેવારની ઉજવણીનો કાર્યક્રમ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. શ્રી સીંધી નવયુવક મંડળ,ભિલોડાના હોદ્દેદારો અને કારોબારી સભ્યોના જણાવ્યા મુજબ બાળકો ધ્વારા વિવિધ પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ભિલોડામાં શ્રી ઝુલેલાલ મંદીરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભાવિક ભક્તોએ ઝુલેલાલ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ, તલોદના હોદ્દેદારોની ચૂંટણી પર મનાઈ

તલોદ, તા. ૨૯

ઉ.ગુ. યુનિ. તલોદ કોલેજના શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળના હોદ્દેદારોની તા. ૧૬-૪-૧૭ના રોજ થનારી ચૂંટણી ઉપર રાજ્યના સંયુક્ત ચેરિટી કમિશનરે સ્ટે આપતા મંડળની ચૂંટણીમાં ઉમેદવારી કરવા તલપાપડ બનેલા લોકોમાં ભુકંપ જેવી સ્થિતિ ઉભી થઈ છે. મંડળના બંધારણમાં ન હોય તેવા મુદ્દા ચૂંટણીના જાહેરનામામાં ચૂંટણી અધિકારીએ બહાર પાડ્યા હતા. જેને મંડળના પૂર્વમંત્રી દિનેશભાઈ પટેલે ચેરિટી કમિશનરમાં પડકારીને ન્યાય માગતા આ મનાઈ હુકમ મળ્યો છે.

તલોદની આર્ટસ-કોમર્સ અને સાયંસ કોલેજના વહિવટકર્તા સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળની ચૂંટણીનો મુદ્દો અદાલતોમાં ન્યાય માટે ફરી રહ્યો છે. હાલ મંડળના હોદ્દેદારો નહી હોવાથી આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જે.સી. પટેલની વહિવટદાર તરીકેની કામગીરી સોંપાયેલ છે. જેથી ચૂંટણી અધિકારી પણ તેઓ જ છે. તેઓએ ૨૩-૩-૧૭ના રોજ ચૂંટણી જાહેરનામુ બહાર પાડીને ૭૫ મંડળમાં ઉપ પ્રમુખની ૩ સીટ અને ચેરમેનની-૧ સીટ બનાવેલ છે. જે મંડળના બંધારણમાં નહી હોવાથી દિનેશભાઈ પટેલે ચેરિટીમાં અસલ બંધારણ રજુ કરી સંસ્થાના હિતમાં મનાઈહુકમ માગ્યો હતો. જેથી ચેરિટી કમિશનરે ૨૩-૩-૧૭નું જાહેરનામુ અંગે પોસ્ટ પોન્ડ એટલે કે મુલતવી રાખવા વહિવટદારને સુચના, હુકમ કરેલ છે અને તા. ૧૭-૪-૧૭ના રોજ બપોરના ૧૨.૩૦ કલાકે ચેરિટી કમિશનરની કચેરીમાં આધાર વિગતો સાથે સુનવણી અર્થે ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

વહિવટદાર દ્વારા ૧૬-૪-૧૭ના રોજની ચૂંટણીનું બહાર પાડેલ જાહેરનામુ સંસ્થાની થયેલ જોગવાઈએથી વિરૂદ્ધનું અને મે. ચેરિટી કમીશનરના હૂકમથી પણ વિરૂદ્ધનું હોવાનું કહિને જોઈન્ટ ચેરિટી કમિશનરે અરજદારની અરજી માન્ય રાખીને આ મનાઈહુકમ આપેલ છે. ચેરિટીમાં કરેલી રજુઆત મુજબ મંડળના બંધારણમાં પાંચ સભ્યોના ટ્રસ્ટી મંડળની જોગવાઈ છે. જ્યારે પટેલના જાહેરનામામાં ટ્રસ્ટીની જગ્યા ચાર દર્શાવેલ છે. તેજ રીતે ઉપપ્રમુખની સંખ્યા ૨ છે. જ્યારે જાહેરનામામાં ૩ જગ્યા દર્શાવાઈ છે. ચેરમેનની કોઈ જોગવાઈ બંધારણમાં નથી તેમ છતાં ચેરમેનની જગ્યા પણ જાહેરનામામાં દર્શાવાઈ છે. આમ થતા ચૂંટણી અધિકારીએ નુકશાન થાય તેવુ મનગડત જાહેરનામુ બહાર પાડયાની રજુઆત અરજદાર દિનેશભાઈ પટેલે કરી હતી.

## ઊંઝામાં સોનાના દોરાની લૂંટ

ઊંઝા, તા. ૨૯

ગઈરાત્રે ઊંઝા ખાતે હાઈવે પર આવેલ ઈંડાની લારી પર નાસ્તો કરવા માટે આવેલ ભાન્ડુના કેટલાક ઈસમો વચ્ચે જૂની અદાવતે બોલાચાલી અને મારામારી બાદ એક વ્યક્તિના ગળામાંથી સોનાના દોરાની લૂંટ થઈ હોવાની ફરિયાદ નોંધાયેલ છે.

વિગત એવી છે કે, વિસનગર તાલુકાના ભાન્ડુ ગામના કિરણકુમાર મોહનલાલ પટેલ ગઈરાત્રે ઊંઝા ખાતે હાઈવે પર એક ઈંડાની લારી પર નાસ્તો કરવા માટે આવ્યા હતા. આ સમયે ભાન્ડુના અન્ય બે ઈસમો તેમજ બુટ્ટાપાલડીનો એક ઈસમ પણ ઈંડાની લારી પર આવ્યા હતા. દરમિયાન કિરણકુમાર પટેલ ચૂંટણીમાં ઉભા રહ્યા હોઈ ભાન્ડુના એક શખ્સે તેની અદાવત રાખી તેમના ઘરના તથા વાડાના પાણીના જોડાણ કાપી નાંખ્યા હતી. જેથી કિરણકુમારે સંબંધિત અધિકારીઓને અરજીઓ કરી હતી. આથી ભાન્ડુના ઈસમોએ તું ખોટી ખોટી અરજીઓ કેમ કરે છે ? તેમ કહી ગાળો બોલી માર મારી તેમના ગળામાં પહેરેલ સોનાના દોરાની લૂંટ ચલાવી હતી.

આ અંગે ઊંઝા પોલીસે પટેલ કલ્પેશકુમાર ઉર્ફે ગોટી કાન્તિલાલ, પટેલ કાન્તિભાઈ રૂગનાથભાઈ બન્ને રહે. ભાન્ડુ તેમજ ચિરાગભાઈ પટેલ રહે. બુટ્ટાપાલડી વિરૂદ્ધ લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝા ખાતે જુની અદાવતે લોખંડની પાઈપ વડે હિંસક હુમલો

ઊંઝા, તા. ૨૯

ગઈરાત્રે ઊંઝા ખાતે વિસનગર રોડ પર પાણીની ટાંકી પાસે ચાર શખ્સોએ એક વ્યક્તિ પર લોખંડની પાઈપ તથા સળીયા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાના બનાવ બનતા ભારે સનસનાટી મચી જવા પામી છે. અગાઉની જૂની અદાવતને કારણે આ બનાવ બનતા મામલો પુનઃ ગરમાયો છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે જૂના રામપુરામાં આવેલ દુર્ગાનગર સોસાયટીમાં રહેતા ઊંઝા શહેર ભાજપ યુવા પ્રમુખ નિશિતકુમાર ચંદ્રકાન્તભાઈ પટેલ રાત્રિના સમયે વિસનગર રોડ પર પાણીની ટાંકી પાસે આવ્યા હતા. ત્યારે શહેરના ચાર શખ્સો તેમના પાસે આવ્યા હતા અને ઉશ્કેરાઈ જઈને લોખંડની પાઈપ તથા લોખંડના સળિયા વડે હુમલો કર્યો હતો. જેથી તેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જૂની અદાવતને કારણે આ બનાવ બન્યો હતો. આથી શહેરમાં પુનઃ વાતાવરણ ડહોળાયુ છે.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચાર શખ્સો સામે ખૂનની કોશિશ, શારીરિક મહાવ્યથાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ગુનામાં આરોપીઓ તરીકે ધમાભાઈ રાયચંદભાઈ પટેલ, રવિ પંચાલ, ભાવેશ ડ્રાઈવર અને જગો ટેણી રહે. તમામ રહે. ઊંઝાનો ઉલ્લેખ કરાયો છે.

ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી જૂની અદાવત ચાલી રહી છે. જેના લીધે પુનઃ અશાંતિ ફેલાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી અવાર નવાર મિલકત વિરૂદ્ધના તેમજ શરીર સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બની રહ્યા હોઈ તેમજ અસામાજીક પ્રવૃત્તિઓનો વ્યાપ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. આ ઉપરાંત સ્થાનિક પોલીસની કાર્યશૈલી સામે પણ લોકોમાં શંકા કુશંકાઓ ઉભી થઈ છે. ત્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સત્વરે સ્થાનિક પોલીસતંત્રમાં ધરમૂળથી ફેરફારો કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુધારવા માટે યોગ્ય પગલા ભરવા જરૂરી મનાય છે.

# મહેસાણાના વડસ્મા ખાતે કોલેજ ઓફ એજ્યુકેશનનો વાર્ષિકોત્સવ ઉજવાયો

મહેસાણા, તા. ૨૯

મહેસાણા તાલુકાના વડસ્મા ખાતે સત્સંગી શક્તિધામ રામ આશ્રમ શૈક્ષણિક સંકુલ ધ્રુવ એજ્યુકેશન ટ્રસ્ટ કોલેજ ઓફ એજ્યુકેશન વડસ્મા દ્વારા સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામ પરમારના હસ્તે વાર્ષિકોત્સવ અને સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.




કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે શિક્ષણનો વ્યવસાય જ્ઞાન,ધર્મ અને કર્મનો ત્રિવેણી સંગમ છે. સમાજના તમામ વ્યવસાયો પૈકી શિક્ષણનો વ્યવસાય મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતના ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર શિક્ષકોના માધ્યમથી થાય છે તેમ જણાવી શિક્ષકના મહત્વ બાબતે મંત્રીએ જણાવ્યું હતું.

કાર્યક્રમાં શિક્ષણક્ષેત્રે સિધ્ધી પ્રાપ્ત કરનાર તેમજ શિક્ષણ યજ્ઞ અવિતર ચલાવનારનું સન્માન મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત સંસ્થામાં અભ્યાસ કરેલ અને ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરનાર વિધાર્થીઓનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં ડો. હેમચંદ્રાચાર્ય ઉ..ગુ. યુનિના વીસી ડો. બી.એ. પ્રજાપતિ, ગુજરાત ઈતિહાસ વિભાગના પુર્વ અધ્યક્ષ ડો. કે.સી બારોટ, એ.પી.એમ.સી ખેરાલુના ચેરમને ભીખાભાઈ ચાચરીયા સહિત સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ભરતભાઈ રાવ, અધ્યાપકો, આચાર્યઓ, વિધાર્થીઓ, ભુતુપુર્વ વિધાર્થીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




ઉત્તરપ્રદેશ સહિત ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં જવલંત વિજય બાદ ભાજપને સત્તારૂઢ કરાવી પ્રથમ વખત ગુજરાતમાં આવી રહેલા રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં અમદાવાદના વિજય વિશ્વાસ સંમેલનમાં ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણના માર્ગદર્શન સાથે નડિયાદ, માતર, મહેમદાવાદ, ખેડા, ઠાસરા, મહુધા, કપડવંજ, કઠલાલ, વસો, ગળતેશ્વર સહિત સમગ્ર જિલ્લામાંથી ૧૦,૦૦૦ ઉપરાંત કાર્યકરો, હોદ્દેદારોએ ભારત માતાકી જય...ના નારા સાથે ભગવો લહેરાવ્યો. દેશમાં... સ્વાગત કરીએ પ્રદેશમાં જેવા સૂત્રોચ્ચાર કરી ભારે હર્ષોલ્લાસ સાથે અમદાવાદ જવા માટે પ્રસ્થાન કર્યું હતું.

## ભિલોડામાં ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા બે મીનરલ પાણીની પરબનો શુભારંભ

ભિલોડા,તા.૨૯

ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ કેશવ માર્કેટ, શિવ કોમ્પલેક્ષ આગળ ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા ધ્વારા બે મીનરલ પાણીની પરબનો શુભારંભ યોજાયો હતો.

મામલતદાર જી.કે.પટેલ, ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ, પી.એસ.આઈ. એમ. એચ. સોલંકી, પુર્વ સરપંચ મનોજભાઈ પટેલ, એડવોકેટ જીતેન્દ્રભાઈ ભાટીયાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. મીનરલ પાણીની પરબના રોજીંદા દાતા સતિષભાઈ બાંગડ, જલારામ વસ્તુ ભંડાર, દિલીપભાઈ શાહ, જૈન કિરાણા સ્ટોર્સના સૌજન્યથી ભિલોડામાં મીનરલ પાણીની બે પરબનો શુભારંભ પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

આ પ્રસંગે ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ જીતોન્દ્રભાઈ ભાટીયા, જગદીશભાઈ પટેલ, હર્ષદભાઈ સોની, ગીરધારીલાલ પુરશવાણી, ચંદ્રકાન્તભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પ્રજાપતી, રાજુભાઈ સોની, નરેશભાઈ પંચાલ, મુકેશભાઈ પંચાલ, બિપીનભાઈ પ્રજાપતી, ભરતભાઈ પ્રજાપતી સહિત કાર્યકરો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા બેન્ક દ્વારા પોગલુ ખાતે ડીઝીટલ ધન મેળાનું આયોજન

હિંમતનગર, તા. ૨૯

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે રીતે દેશમાં કેશલેસ વ્યવહારનો આગ્રહ કરી રહ્યા છે તે રીતે પણ અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં ૧૧૫ શાખા ધરાવતી સાબરકાઠા બેન્ક છેલ્લા કેટલાયે દીવસથી ખેડૂતોને કેશલેસ પધ્ધતિથી શું ફાયદો થાય તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું સતત માર્ગદર્શન આપી રહ્યા છે અને અમલ પણ કરેલ છે.

આજરોજ પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલના હસ્તે રુપે કીસાન કેડીટ કાર્ડનું વિતરણ કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં પોગલુ ગ્રામજનો સભાસદોને સંબોધતા મહેશભાઈ પટેલે જણાવેલ કે, આ માઈક્રો એટીએમનો તમે રુટીંગ વ્યવહારથી કામ કરશો તો વહેપારી જોડે પુરેપુરૂ વળતર મેળવી શકશો તમારો સમય પણ બચશે તમે કેટલા રૂપીયાનો વહેવાર કર્યો તે તુરંત તમને જાણ થશે તેથી તમે ખર્ચ જરૂરીયાત મુજબ જ કરશો. તમારા પૈસા તમારા ખાતામાંથી જ ટ્રાન્જેશકશન થશે તેનાથી ફાયદા પણ ઘણા થશે વધુમાં બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે જણાવેલ કે, જે રેગ્યુલર ખેડૂત છે તેમના ધીરાણમાં એક ટકો વ્યાજ બેન્કે માફ કર્યો છે. ખેડૂત ધીરાણ બાબતે નિયમતા લાવે. આ પ્રસંગે નાબોર્ડના જનરલ મેનેજર ભરતભાઈ પટેલ, બેન્કના એકઝીકટીવ એડવાઈઝર હરીશભાઈ પટેલ, બેન્કના જનરલ મેનેજર ગીરીશભાઈ પટેલે પણ વિવિધ કાર્ડ દ્વારા થતા ઉપયોગ વિશે સભાસદોને માહીતગાર કર્યા હતા. સેવા સહકારી મંડળીના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલે સાબરકાંઠા બેન્કની ધીરાણ, કાર્ડ તેમજ કામગીરીની સરાહના કરી બેન્કને સહકાર આપીશું તેમ જણાવેલ. આ પ્રસંગે ગામના અમૃતભાઈ પટેલ, પોગલુ ગામના વરીષ્ટ નાગરીકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં પવિત્ર ચેટીચંડ પર્વ શ્રધ્ધા ઉલ્લાસ સાથે ઉજવાયો








પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વસવાટ કરતાં સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા પવિત્ર ચેટી ચાંદ પર્વની શ્રધ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી.

પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા સિંધી સમાજનાં ભાઈ બહેનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ ખાતે બેન્ડવાજા સાથે બગીમાં ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં દશા શ્રીમાણી વાડીથી ભાંખરીયા બસ સ્ટેન્ડથી ભગવાન ઝુલેલાલની પરબ અને ત્યાંથી બજારચોક, લાલદરવાજા, નગરપાલિકા, વેરાઈ માતા મંદિર થઈને માકડેશ્વર મહાદેવ ખાતે વરઘોડો પહોચ્યો હતો. જયારે વરઘોડામાં ભગવાન ઝુલેલાલ તથા રામ લક્ષ્મણ તથા હનુમાનજીની આબેહૂ પ્રતિક જોવા મળ્યા હતાં. જયારે પંડ્યા પોળ ખાતે ટેકવાણી પરિવાર દ્વારા ઠંડા પીણાંની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સિંધી સમાજના ભાઈ બહેનો દ્વારા ગરબા પૂંજા અને પ્રસાદનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

જ્યારે આ પ્રસંગે ધરમદાસ ટેકવાણી, રતિલાલ ટેકવાણી, જગદીશભાઈ કિમતાણી, જમનાદાસભાઈ, મનુભાઈ રામચંદાણી, અમિતભાઈ, હરેશભાઈ વગેરે સમાજના આગેવાનો સહિત ભાઈ બહેો મોટી સંખ્યામાં જોડાયા હતા. અને માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર ખાતે દિપક જોતનું દર વર્ષની જેમ વિસર્જન કર્યું હતું.